જલાલપોરમાં મેઘમહેર, ખેડૂતોમાં આનંદ

નવસારી જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર ખરીફ પાક માટે આશીર્વાદરૂપ સાબિત થશે

નવસારી : નવસારી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન નોંધાયેલા વરસાદે માત્ર વાતાવરણમાં ઠંડક જ નથી પ્રસારી, પરંતુ ખરીફ સિઝનની ખેતી માટે પણ સકારાત્મક સંકેતો આપ્યા છે. નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU)ના તા. ૧૯ જુલાઈ, ૨૦૨૬ના હવામાન અહેવાલ મુજબ જિલ્લામાં જલાલપોરમાં સૌથી વધુ ૩૯ મીમી અને નવસારી તાલુકામાં ૩૮ મીમી વરસાદ નોંધાયો છે. ગણદેવી અને ચીખલીમાં ૧૪-૧૪ મીમી, ખેરગામમાં ૧૦ મીમી તથા વાંસદામાં ૭ મીમી વરસાદ નોંધાતા સમગ્ર જિલ્લામાં વરસાદનું સંતુલિત વિતરણ જોવા મળ્યું છે.

ખેતીના દૃષ્ટિકોણથી જોઈએ તો આ વરસાદ સમયસર અને લાભદાયક માનવામાં આવે છે. ડાંગર સહિતના ખરીફ પાક માટે જરૂરી ભેજ મળતાં વાવેતર બાદ પાકના વિકાસને વેગ મળશે. સતત વરસાદથી જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહેવાની શક્યતા વધતા ખેડૂતોને સિંચાઈ પરની નિર્ભરતા પણ ઘટી શકે છે.

હવામાનના આંકડા પણ વરસાદી માહોલને અનુરૂપ રહ્યા છે. મહત્તમ તાપમાન ૩૦.૮ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ ૨૪.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારના સમયે હવામાં ૯૬ ટકા ભેજ અને સાંજે ૭૭ ટકા ભેજ નોંધાતા વરસાદી વાતાવરણ વધુ સક્રિય બન્યું હતું.

જો આગામી દિવસોમાં પણ મધ્યમથી સારો વરસાદ ચાલુ રહેશે તો જિલ્લાના જળાશયો, ચેકડેમ અને ભૂગર્ભ જળસ્તરમાં વધારો થવાની સંભાવના છે. જોકે સતત ભારે વરસાદની સ્થિતિ સર્જાય તો નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા અને ખેતીને નુકસાન જેવી પરિસ્થિતિ પણ ઊભી થઈ શકે છે.

પ્રવાસીઓ ઉમટી પડતા સાપુતારામાં ટ્રાફિક જામ

કરોડોના વિકાસકાર્યો છતાં પાયાની સુવિધાઓનો અભાવ

મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડતા સાપુતારા ઘાટમાં કિલોમીટરો લાંબી કતારો જોવા મળી

સાપુતારા : ચોમાસાની ઋતુમાં વાદળોથી ઘેરાયેલા ડુંગરો, હરિયાળી અને ધોધમાર વરસાદની રમણીયતા માણવા દરરોજ હજારો પ્રવાસીઓ સાપુતારા પહોંચી રહ્યા છે. પરંતુ આ આનંદમય પ્રવાસન સ્થળ ટ્રાફિક જામ અને પાર્કિંગની ગંભીર સમસ્યાને કારણે પ્રવાસીઓ માટે મુશ્કેલીમાં ફેરવાઈ રહ્યો છે. સાપુતારામાં પ્રવેશતા જ મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી કતારો જોવા મળે છે. કલાકો સુધી ટ્રાફિક જામ રહેતા પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. બીજી તરફ, પૂરતી પાર્કિંગ સુવિધાના અભાવે પ્રવાસીઓ વાહનો પાર્ક કરવા માટે લાંબા સમય સુધી ભટકતા રહે છે, ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા સાપુતારાના સર્વાંગી વિકાસ માટે કરોડો રૂપિયાના વિકાસકાર્યો કરવામાં આવ્યા હોવાના દાવા કરવામાં આવે છે. તેમ છતાં જાહેર મેનેજમેન્ટના અભાવે પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે. વીકેન્ડમાં સહેલાણીઓ કુદરતી સૌંદર્યનો આનંદ માણવા સાપુતારા તરફ વળ્યા છે. જેને પગલે સાપુતારા ઘાટમાર્ગમાં કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સાપુતારાના ટેબલ પોઈન્ટ, હેલિપેડ ગ્રાઉન્ડ અને સ્વાગત સર્કલ ખાતે વાહનોનો જમાવડો જોવા મળતા અરાજકતા સર્જાઈ હતી. વાહનવ્યવહાર ખોરવાય નહીં તે માટે ડાંગ એસ.પી.પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ સબ ઈન્સ્પેક્ટર (પી.આઈ.) જે.કે. બારીયા અને તેમની ટીમે ધોધમાર વરસાદમાં રસ્તા પર ઉતરીને રાઉન્ડ ધ ક્લોક (ચોવીસ કલાક) સખત કામગીરી હાથ ધરી હતી.

નવસારીમાં ૧૦૦ મીટરના માર્ગ પર જ અનેક ખાડાથી લોકો પરેશાન

■ નવસારી : નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૫ હેઠળ આવેલા ચોવીસી આહીરવાસથી પ્રભાકુંજ સોસાયટી થઈ ધારાનગર તરફ જતો આશરે ૧૦૦ મીટરનો માર્ગ હાલમાં સમારકામની જરૂરિયાત અનુભવી રહ્યો છે. ચોમાસાના કારણે માર્ગ પર કેટલાક સ્થળોએ ખાડા પડતાં અને પાણી ભરાતાં લોકોને અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદી દિવસોમાં કાદવ અને પાણી ભરાવાને કારણે વાહનચાલકોને ધીમી ગતિએ પસાર થવું પડે છે, જ્યારે રાહદારીઓએ પણ સાવચેતી રાખવી પડે છે. સ્થાનિક રહીશોએ આશા વ્યક્ત કરી છે કે મહાનગરપાલિકા આ માર્ગનું સ્થળ નિરીક્ષણ કરીને જરૂરી સમારકામની કામગીરી વહેલી તકે હાથ ધરશે. તેમનું માનવું છે કે સમયસર સમારકામ થવાથી દૈનિક અવરજવર વધુ સરળ અને સુરક્ષિત બનશે. રહીશોની અપેક્ષા છે કે ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને આ માર્ગના પ્રશ્નનો યોગ્ય અને કાયમી ઉકેલ લાવવામાં આવશે, જેથી વિસ્તારના લોકોને વધુ સુવિધાજનક અવરજવર મળી રહે.

ધરમપુરમાં પેપર લીક મુદ્દે યુવાનોના પ્રતિક ઉપવાસ

સોનમ વાંગચુકના આંદોલનને સમર્થન સાથે વિદ્યાર્થીઓના ભવિષ્ય અને પરીક્ષાની પારદર્શિતા માટે ઉઠાવ્યો અવાજ

ધરમપુર : વિશ્વપ્રસિદ્ધ વૈજ્ઞાનિક અને પર્યાવરણપ્રેમી સોનમ વાંગચુકના અહિંસક આંદોલનને નૈતિક સમર્થન આપવા ધરમપુરના જાગૃત યુવાનો દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર સર્કલ પર પ્રતીક ઉપવાસ યોજાયો હતો. આ દરમિયાન NEET સહિતની વિવિધ પરીક્ષાઓમાં પેપર લીકની ઘટનાઓ સામે વિરોધ નોંધાવી પરીક્ષાઓમાં પારદર્શિતા જળવાય અને જવાબદારો સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ કરવામાં આવી હતી.

પ્રતિક ઉપવાસમાં પૂર્વ ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલ, સામાજિક કાર્યકર જયેશભાઈ પટેલ, એસ.ટી. કોંગ્રેસ ડિપાર્ટમેન્ટના ચેરમેન રાહુલ પટેલ, પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય કલ્પેશ પટેલ, આમ આદમી પાર્ટીના પ્રદેશ મંત્રી કમલેશભાઈ પટેલ, એડવોકેટ અજીતભાઈ ગરાસિયા, પૂર્વ પાલિકા સભ્ય ધીરજ પટેલ, ધરમપુર શહેર કોંગ્રેસ પ્રમુખ નિર્મલ સુરતી, ઉત્તમભાઈ ગરાસિયા, એડવોકેટ ફહીમ બાહનાન, હનીફ દાઉદી, ડાહ્યાભાઈ પટેલ, સુનિલ પટેલ સહિત વિવિધ ક્ષેત્રના આગેવાનો અને શિક્ષિત યુવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

ઉપસ્થિતોએ જણાવ્યું હતું કે, પેપર લીક જેવી ઘટનાઓથી મહેનત કરતા વિદ્યાર્થીઓના ભવિષ્યને ગંભીર નુકસાન થાય છે. તેથી આવી ઘટનાઓને અટકાવવા કડક પગલાં અને પરીક્ષા પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા જરૂરી છે. પ્રતીક ઉપવાસ દ્વારા યુવાનોના ભવિષ્ય, શિક્ષણમાં પારદર્શિતા અને ન્યાય માટે એકતા સાથે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો.

મનાલા નજીક પિકઅપ ઝાડ સાથે અથડાતા 5 થી વધુને ઇજા

વલસાડ : કપરાડા તાલુકાના મનાલા ચિકારી ફળિયા ટેકરા નજીક પિકઅપ ચાલકે કાબુ ગુમાવતા આમલીના ઝાડ સાથે અથડાવી દેતા તેમાં બેસેલા ઈસમોને ઈજા પહોંચતા નાનાપોંઢા સી.એચ.સી. લઈ જવાયા હતા જે પૈકી 3 ઈસમોને ધરમપુર સ્ટેટ હોસ્પિટલ લઈ જવાયા હતાં. ફરિયાદી હરેશ ઠાકર્યા (રહે. વરવાથ, ચિંચપાડા ફળિયુ)એ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ ફળિયાના સંદીપભાઈ ઠાકર્યાની બોલેરો જી જે.15.એ.એક્સ 3143 માં બેસી ખડકવાળ પહોંચી ત્યાંથી થોડા લોકોને બેસાડી વાપી જઈ રહ્યા હતાં. ત્યારે જામગભાણ મનાલા માર્ગ ઉપર સામેથી આવી રહેલા કન્ટેનર નંબર કેએ.02.એ.એચ.8427 આવી રહ્યું હતું. દરમિયાન પિકઅપ ચાલકે કાબુ ગુમાવતા પિકઅપ માર્ગથી નીચે ઉતરી આમલીના ઝાડ સાથે અથડાવી દેતા તમામને નાની મોટી ઈજા પહોંચી હતી. સારવાર માટે નાનાપોંઢા લઈ જવાયા હતા. ઘટના અંગે બોલેરો ચાલક સંદીપભાઈ કિશનભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી.

પારડીમાં 3.31 ઈંચ વરસાદથી પાણી ભરાવાની સ્થિતિ

ઉમરગામમાં 2.32 ઈંચ, કપરાડામાં 1.77 ઈંચ, નાનાપોંઢામાં 1.42 ઈંચ વરસાદ

વલસાડ : વલસાડ જિલ્લામાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. રવિવારે સાંજે 6 વાગ્યા સુધીના છેલ્લા 24 કલાક દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં સરેરાશ 40.01 મીમી (1.57 ઈંચ) વરસાદ વરસ્યો હતો, જ્યારે પારડી તાલુકામાં સૌથી વધુ 84 મીમી. (3.31 ઈંચ) વરસાદ નોંધાતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. છેલ્લા 24 કલાક દરમિયાન ઉમરગામમાં 2.32 ઈંચ, કપરાડામાં 1.77 ઈંચ, નાનાપોંઢામાં 1.42 ઈંચ, ધરમપુરમાં 0.94 ઈંચ તેમજ વલસાડ અને વાપીમાં 0.63-0.63 ઈંચ વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદનું જોર યથાવત રહેતાં નદીઓ અને જળાશયોમાં પાણીની આવક સતત વધી રહી છે.

નવસારી નેશનલ હાઈવે પર ખાડાઓનું સામ્રાજ્ય

ચોમાસાની શરૂઆતમાં જ બોરીઆચ ટોલ પ્લાઝાથી એંધલ સુધીનો માર્ગ બિસ્માર

પાણી ભરાતા અકસ્માતનો ભય વધ્યો, વાહનચાલકો મુશ્કેલીમાં

નવસારી : ચોમાસાની શરૂઆત સાથે જ નવસારી જિલ્લામાં બોરીઆચ ટોલ પ્લાઝાથી એંધલ સુધી પસાર થતા નેશનલ હાઈવે પર અનેક સ્થળોએ ખાડા પડતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સતત વરસાદ બાદ માર્ગના કેટલાક ભાગોમાં ડામર ઊખડી જતાં હાઈવે પર મુસાફરી પહેલાં કરતાં વધુ સાવચેતીપૂર્વક કરવી પડી રહી છે, ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો માટે સ્થિતિ પડકારરૂપ બની છે.

આ માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં હળવા અને ભારે વાહનો પસાર થાય છે. વરસાદી પાણી ખાડાઓમાં ભરાઈ જતાં તેની ઊંડાઈનો અંદાજ લગાવવો મુશ્કેલ બનતો હોવાથી અકસ્માતની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. પરિણામે ઘણા વાહનચાલકો ધીમી ગતિએ વાહન ચલાવવા મજબૂર બન્યા છે, જેના કારણે ટ્રાફિકની ગતિ પર પણ અસર જોવા મળી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, અગાઉના ચોમાસા દરમિયાન પણ આ માર્ગ પર સમાન સ્થિતિ સર્જાઈ હતી અને ત્યારબાદ સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે, ચાલુ વર્ષે ચોમાસાની શરૂઆતમાં જ ફરી માર્ગના કેટલાક ભાગો ક્ષતિગ્રસ્ત બનતાં લાંબા ગાળાના સમારકામની જરૂરિયાત અનુભવાઈ રહી છે.

વાપીના ભાજપના બે કોર્પોરેટર સામે કોર્ટના નિર્દેશ બાદ ગુનો નોંધાયો

વાર્ડ નં.3 છીરીના ભાજપના ઉમેદવાર સમસુદ્દીન ચૌધરી અને સુનિતા તિવારી સામે કોર્ટમાં ફરિયાદ થઈ હતી

કોંગ્રેસે આખો મામલે પત્રકાર પરિષદ કરી

વાપી શહેર કોંગ્રેસના પ્રમુખ મહેશભાઈ શાહ તેમજ વાપી પાલિકામાં વિપક્ષના નેતા પીરૂભાઈ મકરાણી તથા સિનિયર કોર્પોરેટર ખંડુભાઈ પટેલ સહિતના આગેવાનોએ આ અંગે પત્રકાર પરિષદ બોલાવી ભાજપના બે કોર્પોરેટર સામે ગુનો નોંધાયો તેની વિગતે વાત કરી હતી. જોકે આ મામલો કોર્ટમાં છે. પરંતુ ભાજપના બે કોર્પોરેટર સામે ગુનો નોંધાયો તેનાથી ચૂંટણી સમયે કોંગ્રેસે શરૂ કરેલી લડતને ઓક્સિજન મળ્યું છે. હવે આ મામલો કાનુની છે. છતાં આ મામલો હવે રાજકીય રીતે પણ વધુ ચર્ચામાં રહેશે.

વાપી : વાપી મહાનગરપાલિકાના ભાજપના કોર્પોરેટર સમસુદ્દીન ચૌધરી તથા સુનિતા તિવારી સામે ડુંગરા પોલીસ મથકમાં ગુનો નોંધાતા ભારે ખળભળાટ મચી ગયો છે. વોર્ડ નં.3ના કોંગ્રેસના ઉમેદવારે વાપીની કોર્ટમાં કરેલી ફરિયાદને આધારે ડુંગરા પોલીસે ગુનો નોંધ્યો હોવાનું જાણવા મળે છે. આ ફરિયાદમાં કથિત ખોટા લિવિંગ સર્ટીફિકેટને આધારે મનપાની ચૂંટણીમાં એફિડેવીટ કરી હોવાના મામલે વોર્ડ નં.3ના ઉમેદવાર સમસુદ્દીન તેમજ લિવિંગ સર્ટિફિકેટમાં મદદ કરનાર તરીકે સુનિતાબેન તિવારીની સામે આક્ષેપ હોવાથી બંને સામે ડુંગરા પોલીસે ગુનો નોંધ્યો છે.

ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે વાપી મનપાની એપ્રિલ માસમાં થયેલી ચૂંટણીમાં વોર્ડનં.3માં ભાજપમાંથી ઉમેદવારી કરનાર સમસુદ્દીન નુરૂદ્દીન ચૌધરીએ રાતા ગુલાબનગર સ્થિત હિન્દી વિદ્યા મંદિર સ્કૂલના લિવિંગ સર્ટીફિકેટને આધારે પોતાની ઉંમર ૩૧ વર્ષ દર્શાવીને એફિડેવીટ સાથે ફોર્મ ભર્યુ હતું. જેમાં ૨૦૦૭માં ધોરણ ૫ સુધીનો અભ્યાસ કર્યો હોવાનું દર્શાવ્યું હતું. એ લિવિંગમાં સમસુદ્દીનની જન્મ તારીખ ૧૬-૧૧-૧૯૯૪ બતાવવામાં આવી છે. જ્યારે ફરિયાદ કરનારા કોંગ્રેસના ઉમેદવાર મોહમદ ઇમરાન મિર્જાએ તેની ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે સમસુદ્દીન ચૌધરીની સાચી જન્મ તારીખ ૧૩-૧૧-૧૯૯૮ પ્રમાણે ધો.૧થી ૧૦ સુધી છરવાડા કોપરલી રોડ સ્થિત સેન્ટઝેવિયર્સ હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો છે. આમ સમસુદ્દીન ચૌધરી સામે આક્ષેપ છે કે તેણે સુનિતા તિવારીના કથિત મેળાપીપણામાં હિન્દી વિદ્યા મંદિર સ્કૂલમાંથી ખોટુ બનાવટી સ્કૂલ લિવિંગ મેળવ્યું હતું. આ ફરિયાદમાં જ જણાવ્યા પ્રમાણે ૨૦૧૫માં વાપી તાલુકા પંચાયતની ચૂંટણીમાં સમસુદ્દીન ચૌધરીની ઓછી ઉંમર હોવા છતાં કથિત ખોટા લિવિંગ સર્ટીફિકેટના આધારે ઉમેદવારી કરીને તાલુકા પંચાયતમાં વોર્ડ નં.૨માં જીત મેળવી હતી. આમ હમણાં તો ડુંગરા પોલીસે સમસુદ્દીન ચૌધરી તથા સુનિતાબેન તિવારી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ખેરગામમાં 15 ગ્રામ ગાંજા સાથે મજૂરને પકડી પોલીસે તીર માર્યુ

વલસાડથી ખેરગામ સુધી ગાંજાના વેચાણના જોડાયેલા તાર

અગાઉ હાઈસ્કૂલ નજીક ગાંજાના વેચાણનો 'ગુજરાતમિત્ર'એ પર્દાફાશ કર્યો હતો

ખેરગામમાં ગાંજાના મૂળની જડ એટલી મજબૂત છે કે પોલીસ ઉખાડી શકતી નથી. અથવા બીજું પણ કોઈ કારણ હોઈ શકે છે. પરંતુ જ્યારે પણ પોલીસ કાર્યવાહી કરે છે ત્યારે નાની માછલીઓ જ હાથ લાગે છે. મોટા મગરમચ્છોના ગીરેબાન સુધી પોલીસના હાથ પહોંચતા નથી અને એ નક્કર સત્ય છે. જ્યાં બાળકો ભણવા જાય છે એ શિક્ષણના ધામ નજીક પણ ગુનાખોરોએ પોતાની નશીલી જાળ બિછાવી છે. ખેરગામ હાઇસ્કૂલ નજીક અગાઉ ગાંજો પકડાયો હોવાના ગુજરાતમિત્રમાં અહેવાલ પ્રકાશિત થયા હતા. મૂળ ખેરગામનો વિપ્રેશ ઉર્ફે ચકો જીગ્નેશ મોર્યો અને વલસાડ રહેતો તથા વલસાડના નંદલાવ ગામના ઉર્વેશ ગાંજો સપ્લાય કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. જો કે, એના ઉપર પણ મોટા ભેજાબાજ હોઈ શકે છે. પરંતુ ખાખી ખરેખર કામગીરી કરે તો જ પોલીસ ડિપાર્ટમેન્ટની વાહવાહી થાય. બાકી તો ખેરગામમાં બુટલેગરો પણ ભાગતા રહેશે અને ગાંજો વેચનારાઓ પણ પોલીસ ચોપડે વોન્ટેડ રહેશે.

ખેરગામ: ખેરગામના શામળા ફળિયા વિસ્તારમાં આવેલા એક રહેણાક મકાનમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને વનસ્પતિજન્ય ગાંજાના જથ્થા સાથે એક આરોપીને રંગેહાથ ઝડપી લીધો છે, જ્યારે અન્ય બે આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે. જોકે, પકડાયેલા મામૂલી મુદ્દામાલને લઈ પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પોલીસે તા. ૧૮/૦૭/૨૦૨૬ના રોજ સાંજે નવા વલસાડ રોડ પર આવેલા કુણાલ નિલેશ પટેલના મકાનમાં ઓચિંતી રેઇડ કરી હતી. તપાસ દરમિયાન મકાનમાંથી ગેરકાયદે ૦.૦૧૫ કિલોગ્રામ (૧૫ ગ્રામ) વનસ્પતિજન્ય ગાંજો (કિંમત રૂ. ૭૫૦) તથા ખાલી કોથળીઓ મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી ૨૭ વર્ષીય કુણાલની ધરપકડ કરી છે.

પૂછપરછ દરમિયાન આ ગુનામાં વલસાડ જિલ્લાનું કનેક્શન બહાર આવ્યું છે. આરોપીનો કોન્ટેક્ટ કરાવી આપનાર વિપ્રેશ ઉર્ફે ચકો જીગ્નેશ મોર્યો (રહે. ખેરગામ, હાલ વલસાડ) તથા ગાંજો પૂરો પાડનાર ઉર્વેશ ઉર્ફે સોમલો અનિલભાઇ પટેલ (રહે. નંદલાવ, વલસાડ)ને વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસે ત્રણેય વિરૂદ્ધ એન.ડી.પી.એસ. (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. એચ.એસ. પટેલને સોંપી છે. સ્થાનિકોના મતે, આદિવાસી બહુલ ધરાવતા ખેરગામમાં નશીલા પદાર્થોનું નેટવર્ક ઘણું મોટું છે. પોલીસ માત્ર પ્રેશર આવે ત્યારે બે-ચાર પડીકી પકડીને સંતોષ માનવાને બદલે આ ગેરકાયદે ધંધાના મૂળ સુધી પહોંચીને કડક સકંજો કસે તે જરૂરી છે, જેથી યુવાધનને બચાવી શકાય.

જો પોલીસ માત્ર બતાવવા પૂરતી કામગીરી કરવાને બદલે ખેરગામ નગરમાં ખરેખર નશીલા પદાર્થોનું વેચાણ અટકાવવા માંગતી હોય તો તેના મૂળ સુધી જાય એ જરૂરી છે. માત્ર ગાંજાની બે-ચાર પડીકી પકડીને ગુનાખોરોને 'માપમાં રહો' એવો સંદેશો આપવાને બદલે તેમની સામે સકંજો કસીને કાયદાનું ભાન કરાવવાની જરૂર છે.

સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં ખોટા ટેક્સ ઈનવોઈસ સાથે રૂપિયા 5.62 લાખનો દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો

વાપી : વાપી ડુંગરા પોલીસે બાતમીના આધારે નાની તંબાડી ફાટક, ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન વર્ણવેલા નંબર મુજબનો ટર્બો ટેમ્પો આવતા અટકાવ્યો હતો અને ટેમ્પામાં શું માલસામાન ભરેલો છેનું પૂછતા ટેમ્પાચાલક ઈમરાન કરીમ ચૌહાણ (ઉ.35, રહે. સેલવાસ, બાવીસા ફળિયા) બે ટેક્સ ઈનવોઈસ લઈને આવ્યો હતો. જો કે, પોલીસે તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ્નએ ટેમ્પામાંથી કુલ રૂપિયા 5,62,000નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વધુ પુછતાછ કરતા આ દારૂનો જથ્થો ભરેલો ટેમ્પો સેલવાસના હાસીમે બે બીલ કવર સાથે આપેલો હતો. ટેક્સ ઈનવોઈસ ખોટા હતાં. પોલીસે ટેમ્પાચાલકની અટક કરી કુલ રૂપિયા 7,65,000નો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધ્યો હતો.

ઉમરગામમાં જુગાર રમતા પાંચ પકડાયા

ઉમરગામ : ઉમરગામ પોલીસને બાતમી મળી હતી કે ઉમરગામ આરજીલેન્ડ હોટલની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. જે બાતમીના આધારે શનિવારે રેડ કરી ગંજી પત્તાનો હાર જીતનો જુગાર રમતા પાંચ શખ્સો નસીમ ખાન, ઈરસાદ ખાન, અરબાઝ શાહ, મોહમદ શાહ તમામ (રહે ઉમરગામ ચિત્રફૂટ) અને ધર્મેન્દ્રકુમાર (રહે સંજાણ કાકડીયા ઉમરગામ) ને પકડી પાડી દાવના રોકડા રૂપિયા 1440 તથા પકડાયેલા પાસેથી મળી આવેલા રોકડા રૂપિયા 5590 મળી કુલ રોકડા રૂપિયા 7030 તથા પતા કબજે લઈ ગુનો નોધી વધુ તપાસ ઉમરગામ પોલીસે હાથ ધરી હતી.

ડાંગમાં વીજ કરંટ લાગવાથી પશુનું મોત

સાપુતારા : ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના લવચાલીના ચીખલી ગામના રહેવાસી પશુપાલક કાશીરામ પવારના ખેતરમાં તા.૧૮ જુલાઈના રોજ સાંજે છ વાગ્યાના સુમારે, એક ગાય વીજ કરંટની ઝપેટમાં આવી જતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઘટનાની જાણ થતાં ગ્રામજનો તથા પરિવારજનો સ્થળ પર દોડી આવ્યા હતા. આ અંગે સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા તાલુકા વિકાસ અધિકારી સુબીરને લેખિત જાણ કરવામાં આવી છે.

વાપીમાં જમાઈનો સાસરે પહોંચી પથ્થરમારો

વાપી : વાપી ઈમરાન નગર સ્થિત આઈશા મંજીલમાં મોહમદ સઈદ શબ્બીર શેખ (ઉ.43) રહે છે. તેમની દિકરી ઈકરાબાનુના લગ્ન અજરૂદ્દીન એનુદ્દીન ખાન (રહે. માનસી હોટલની પાછળ, વાપી) સાથે દોઢ વર્ષ પહેલા થયા હતાં. એક મહિના અગાઉ જમાઈએ ઝઘડો કરતા તેની વિરુદ્ધ વાપી ટાઉન પોલીસ મથકમાં પુત્રીએ ફરિયાદ નોંધાવેલી હતી. ગત તા.16-7-26 ના રોજ મધ્ય રાત્રીના સમયે જમાઈ કાર લઈને આવ્યો હતો અને જોરજોરથી ગીતો વગાડી બૂમો પાડતો હતો. ઈકરાબાનુને મારી સાથે નહીં મોકલો તો પરિવારમાંથી એક-બે લાશ પાડી દઈશની ધમકી ઉચ્ચારી પથ્થરમારો કર્યો હતો. જે બાદ મોહમદ સઈદ તેના ભાઈ મોબીન શેખ સાથે પોલીસ સ્ટેશને જવા નીકળેલા તે સમયે તેણે મોબીન સાથે મારામારી કરી હતી. આ બનાવ અંગેની ફરિયાદ સસરા મોહમદ સઈદ શેખે વાપી ટાઉન પોલીસ મથકમાં કરી હતી.

દમણમાં 15 વર્ષીય વિદ્યાર્થિનીનો આપઘાત

દમણ : સંઘપ્રદેશ દમણની એક શાળામાં અભ્યાસ કરતી 15 વર્ષીય વિદ્યાર્થિનીએ પોતાના ઘરે શુક્રવારે રાત્રે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં શોકની લાગણી ફેલાઈ છે. પરિવારજનોને ઘટનાની જાણ થતાં તાત્કાલિક તેને સારવાર માટે વાપીની એક હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. જો કે, ફરજ પરના તબીબે તપાસ બાદ વિદ્યાર્થિનીને મૃત જાહેર કરી હતી. વિદ્યાર્થિનીએ ક્યા કારણથી આ પ્રમાણેનું પગલું ભર્યું એ હાલ જાણી શકાયું નથી. જો કે, આ અંગે પોલીસ આગળની તપાસ કાર્યવાહી હાથ ધરી રહી છે.

ધરમપુર નાની ઢોલડુગરીમાં દીપડી તથા બે બચ્ચાં પાંજરે પુરાયા

ધરમપુર : ધરમપુર તાલુકાના નાની ઢોલડુંગરી ગામે હિસક દીપડો તથા દીપડી સાથે બે બચ્ચાં પાંજરે પુરાયા હતા. ધરમપુર તાલુકાના નાની ઢોલડુંગરીના માન ફળીયામાં મહિલા અને સ્થાનિકની બાઇક પાછળ દોડેલા દીપડાની ઘટના બાદ વન વિભાગે મુકેલા પાંચ પાંજરામાંથી બે પાંજરામાં દીપડાના બચ્ચા પુરાયા બાદ દીપડી ત્યાં ફરતી હોવાની ચર્ચા ઉઠી હતી. જેથી વન વિભાગએ દીપડીને સલામત રીતે પુરવા અન્ય પાંજરું ત્યાં મૂક્યુ હતું. પરંતુ દીપડી પુરાઈ ન હતી. અને ત્રણ દિવસની ભારે જહેમતના અંતે ટ્રાન્ક્વીલાઈઝ કરી દીપડીનુ સલામત રીતે રેસ્ક્યુ કરી લેવાઇ હોવાની માહિતી મળી છે. દીપડી તથા બચ્ચાને નેશનલ પાર્ક વાંસદા ખાતે લઇ જવાયા હતાં. જ્યાં દીપડી તથા બચ્ચાનુ મેડિકલ પરીક્ષણ કરાવી ફિટનેસ સર્ટિફિકેટ મળ્યા બાદ મુક્ત કરવાની માહિતી સાંપડી છે.

વલસાડના બી.આર.સી.કો.ઓર્ડીનેટરે 2400 વૃક્ષા રોપણના સંકલ્પ સાથે જન્મદિન ઉજવ્યો

વલસાડ : વલસાડ પ્રાથમિક શિક્ષણ વિભાગના બી.આર.સી.કો.ઓર્ડીનેટર મિતેષ પટેલે તેમના જન્મદિને 2400 વૃક્ષારોપણ સંકલ્પ સાથે મગોદ ડુંગરી અને ડુંગરી સ્ટેશન શાળામાં વૃક્ષારોપણ કર્યું હતું. સાથે 400 જેટલા બાળકોને શૈક્ષણિક કીટ અને જીવન ઘડતર માટે પ્રેરણાદાઈ પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રો.આઈ.એ.એસ.એસ.અધિકારી પ્યુપી, એન.ડી.આર એફ.ઇન્સ્પેક્ટર સહિત આગેવાનો, આચાર્યો તેજલબેન ઉપસ્થિત રહ્યા હતાં.

ગણદેવીના ભાટ ગામમાં માછીમારો માટે દરિયાઈ સુરક્ષા જાગૃતિ બેઠક યોજાઈ

બીલીમોરા : ગણદેવી તાલુકાના ભાટ ગામની પ્રાથમિક શાળામાં માછીમારો માટે વિશેષ દરિયાઈ સુરક્ષા જાગૃતિ બેઠક મળી હતી. નવસારી મરીન ટાસ્ક ફોર્સ, એસ.ઓ.જી., સ્ટેટ આઈ.બી., મરીન પોલીસ તથા ફિશરીઝ વિભાગના સંયુક્ત ઉપક્રમે આ બેઠકમાં બોટ એસોસિયેશનના ફિશરમે